પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 25-03-2025 MIDDAY: 1.20 TO 1.30

Day : TUESDAY National News

**************************************************

1) દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રાજ્ય સરકારનું એક લાખ કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું.

2) છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ માઓવાદીઓ ઠાર.

3) UNમાં પાકિસ્તાનને કડક જવાબ આપતા ભારતે જણાવ્યું કે, કાશ્મીર હંમેશા ભારતનો અભિન્ન ભાગ રહેશે.

4) ભારત સાથે વેપાર મંત્રણા કરવા માટે અમેરિકન અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ આજે ભારતની મુલાકાતે.

5) આઇપીએલમાં આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ટક્કર.

.........................................................................

**DELHI BUDGET**

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મંગળવારે રાજધાનીમાં નવી ચૂંટાયેલી ભાજપ સરકારનું પહેલું બજેટ રજૂ કર્યું હતું.

વિધાનસભામાં વર્ષ 2025-26નું બજેટ રજૂ કરતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ બજેટને ઐતિહાસિક ગણાવ્યું.

તેમણે કહ્યું કે, આ બજેટ ફક્ત સરકારી ખર્ચની રજૂઆત નથી પરંતુ શહેરના ભાગ્યમાં પરિવર્તન લાવવા અને દિલ્હીના માર્ગો પર વિકાસ દેખાય તેવુ બજેટ છે. આ બજેટમાં પ્રધાનમંત્રી મહિલા સમૃધ્ધિ યોજના અંતર્ગત પાંચ હજાર એક સો કરોડ રૂપિયા, અટલ કેન્ટિન યોજના માટે સો કરોડ રૂપિયાની અને યમુના સફાઇ માટે પાંચસો કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે હવે દિલ્હીના નાગરિકોને આયુષ્યમાન યોજનાનો પણ લાભ મળશે. મુખ્યમંત્રીએ દિલ્હીની આપ સરકાર ઉપર દિલ્હીને બેહાલ કરવાનો આરોપ લગાવ્યો હતો.

**RS VC JUSTICE VERMA MEETING**

રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે આજે દિલ્હી હાઇકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માનાં મુદ્દે તમામ પક્ષોનાં નેતાઓની બેઠક બોલાવી છે. સાંજે 4-30 કલાકે બેઠક યોજાશે. શ્રી ધનખડે ગઈ કાલે પણ આ મુદ્દે રાજ્યસભામાં સત્તા પક્ષના નેતા જેપી નડ્ડા અને વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સાથે બેઠક યોજી હતી.

**KURIAN-MINORITIES CONFERENCE**

લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને આજે નવી દિલ્હીમાં રાજ્ય લઘુમતી આયોગોના સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

રાષ્ટ્રીય લઘુમતી આયોગ આ પરિષદનું આયોજન કરી રહ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણ, સમાવેશ અને લઘુમતીઓના સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. નીતિ નિર્માતાઓ, નિષ્ણાતો અને હિસ્સેદારો લઘુમતી સમુદાયો માટે સમાન તકો અને કલ્યાણ સુનિશ્ચિત કરવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવા માટે આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતના લઘુમતી સમુદાયો માટે સમાવિષ્ટ અને સશક્ત ભવિષ્ય તરફ સંવાદ, નીતિ ભલામણો અને સહયોગી પ્રયાસો માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે સેવા આપવાનો છે.

## REV: CHHATTISGARH- MAOISTS

છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ માઓવાદીઓ ઠાર મરાયા.

અહેવાલો અનુસાર, સુરક્ષા દળોની સંયુક્ત ટીમે બીજાપુર અને દંતેવાડા જિલ્લાની સરહદે આવેલા જંગલ વિસ્તારમાં નક્સલ વિરોધી કાર્યવાહી શરૂ કરી હતી. આ કાર્યવાહી દરમિયાન આજે સવારે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

સુરક્ષા દળોએ સ્થળ પરથી માઓવાદીઓના મૃતદેહ, શસ્ત્રો અને દારૂગોળાનો મોટો જથ્થો કબજે કર્યો છે. વિસ્તારમાં હજુ પણ શોધ અભિયાન ચાલુ છે.

## INDIA-PAK UN

ભારતે UNમાં કહ્યું હતું કે, પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના ભાગ પર "ગેરકાયદેસર કબજો" ચાલુ રાખ્યો છે. શાંતિ જાળવવાના સુધારાઓ પર સંયુક્ત રાષ્ટ્રની ચર્ચા દરમિયાન ભારતે જમ્મુ અને કાશ્મીરના "વારંવાર સંદર્ભો" માટે પડોશી દેશની ટીકા કરતા જણાવ્યું કે, પાકિસ્તાને પચાવી પાડેલો હિસ્સો ખાલી કરવો જ પડશે.

સુરક્ષા પરિષદમાં બોલતા, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત પાર્વતીનેની હરિશે કહ્યું કે, આ ટિપ્પણી "અયોગ્ય" હતી. તેમણે પુનરોચ્ચાર કર્યો કે, કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો હતો, છે અને હંમેશા રહેશે.

તેમણે જણાવ્યું કે, ભારતીય પ્રદેશ જમ્મુ કાશ્મીર અંગે પાકિસ્તાનના વારંવારનાં અનિચ્છનિય ઉલ્લેખથી પ્રદેશ પર તેનો દાવો માન્ય ઠરતો નથી અને સરહદ પારથી પાકિસ્તાન સરકાર પ્રેરિત ત્રાસવાદને વાજબી ઠેરવી શકાતો નથી. પાકિસ્તાનના પ્રધાનમંત્રીના વિશેષ સહાયક સૈયદ તારિક ફતેમીએ યુએનમાં ચર્ચા દરમિયાન જમ્મુ કાશ્મીર અંગે કરેલા નિવેદનનાં પ્રત્યુત્તરમાં ભારતે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**US VISIT TO INDIA FOR TRADE TALKS**

ભારતીય અધિકારીઓ સાથે વેપાર અંગે વાટાઘાટ કરવા માટે આજે અમેરિકાનાં અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ ભારતની મુલાકાત લેશે.

આ મુલાકાત અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાના સંદર્ભમાં થઈ રહી છે, જેમાં તેઓ ભારત સહિતના વિવિધ દેશો પર પ્રતિકૂળ ટેરિફ લાદવાની વાત કરી રહ્યા છે.

અમેરિકા દ્વારા પ્રસ્તાવિત ટેરિફ, 2 એપ્રિલથી અમલમાં આવવાની શક્યતા છે, જેના કારણે ભારતીય નિકાસકારોમાં ચિંતા વધી રહી છે. ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ સંબંધિત મુદ્દાઓ ઉકેલવા અને દ્વિપક્ષીય વેપાર સોદા માટે માળખાને અંતિમ સ્વરૂપ આપવા માટે વાતચીત ચાલી રહી છે. ભારતને આશા છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર તેને પ્રસ્તાવિત પ્રતિકૂળ ટેરિફમાંથી મુક્તિ આપી શકે છે.

**IPL AHMEDABAD**

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સ પંજાબ કિંગ્સ સામે તેનાં આઇપીએલ અભિયાનનો પ્રારંભ કરશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

ગુજરાત ટાઇટન્સે 2022થી આઇપીએલમાં રમવાનો પ્રારંભ કર્યો હતો અને પ્રથમ જ સીઝનમાં હાર્દિક પંડ્યાની આગેવાનીમાં ટીમ ચેમ્પિયન બની હતી. પંજાબ કિંગ્સ માટે આ સીઝનથી કેપ્ટન બનેલા શ્રેયસ ઐયરની આગેવાનીમાં ગઈ સિઝનમાં કોલકતા નાઇટ રાઇડર્સ ચેમ્પિયન બન્યું હતું.

ગઈકાલે રાત્રે વિશાખાપટ્ટનમના વાય. એસ. રાજશેખર રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમમાં છેલ્લી ઓવરની રોમાંચક મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને એક વિકેટથી હરાવ્યું હતું. લખનઉ સુપર જાયન્ટ્સ દ્વારા નિર્ધારિત 210 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે 19.3 ઓવરમાં 9 વિકેટે 211 રન બનાવી જીત પ્રાપ્ત કરી હતી.

**BCCI WOMEN CONTRACT**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ પહેલી ઓક્ટોબર, 2024 થી 30 સપ્ટેમ્બર, 2025 સુધીના સમયગાળાને આવરી લેતી સીઝન માટે ભારતીય મહિલા ટીમ માટે રિટેનરશિપની જાહેરાત કરી છે. ક્રિકેટનાં તમામ ફોર્મેટનાં સુકાની હરમનપ્રીત કૌર, સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના અને સ્ટાઇલિશ ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને વર્ષોથી તેમના સતત પ્રદર્શન માટે ગ્રેડ એમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રેણુકા સિંહ, જેમિમા રોડ્રિગ્સ, રિચા ઘોષ અને શેફાલી વર્માને ગ્રેડ બીમાં જાળવી રાખવામાં આવ્યા છે. ભારતીય મહિલા ટીમ આગામી મહિને 27મી તારીખે શ્રીલંકામાં શરૂ થનારી ત્રિકોણીય વન-ડે શ્રેણીમાં શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા સામે રમશે.

**FOOTBALL- IND VS BANGLADESH**

ફૂટબોલમાં ભારતની રાષ્ટ્રીય ટીમ આજે સાંજે મેઘાલયના શિલોંગના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં એએફસી એશિયન કપ 2027 ક્વોલિફાયરના નિર્ણાયક ત્રીજા રાઉન્ડની મેચમાં બાંગ્લાદેશ સામે રમશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. બ્લુ ટાઈગર્સે ગયા બુધવારે આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ મેચમાં માલદીવ સામે 3-શૂન્યથી જીત મેળવી હતી.

ભારતને હોંગકોંગ, સિંગાપોર અને બાંગ્લાદેશની સાથે એએફસી એશિયન કપ 2027 ક્વોલિફાયરના અંતિમ રાઉન્ડના ગ્રુપ સીમાં મૂકવામાં આવ્યું છે.

**NEWZEALAND EARTHQUAKE**

ન્યુઝીલેન્ડમાં આજે રિવર્ટન દરિયાકાંઠે 6.8 તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો.

10 કિલોમીટરની ઊંડાઈએ આવેલા ભૂકંપની તીવ્રતા શરૂઆતમાં 7 નોંધવામાં આવી હતી. ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન એજન્સી હાલમાં ભૂકંપનું મૂલ્યાંકન કરી રહી છે. અત્યાર સુધી, એજન્સીએ સાઉથલેન્ડ અને ફિઓર્ડલેન્ડના રહેવાસીઓને બીચ અને દરિયાઈ વિસ્તારોથી દૂર રહેવાનું સૂચન કર્યું છે. એજન્સીએ સ્થાનિક લોકોને સત્તાવાર સંદેશ આપવામાં ન આવે ત્યાં સુધી પરત ન આવવા નિર્દેશ આપ્યો છે.